પોલીસ નોકરી મેળવવા માટે શહેરમાં યુવાનોની દોડ

ગાંધીનગર, તા.૨૫ ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક કલાસના સંચાલકો દ્વારા ખાસ મેદાન ભાડે રાખીને ઉમેદવારોને તૈયારી કરાવી રહ્યા છે. શહેર અને ન્યું ગાંધીનગર વિસ્તારમાં આ પ્રકારના ગ્રાઉન્ડ તૈયાર થઈ ગયા છે. જેમાં સવાર-સાંજ ઉમેદવારો દોડીને નોકરી મેળવવા માટે પસીનો પાડી રહ્યા છે.

પોલીસ ભરતીને પગલે શહેરમાં ફરીવાર સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ ધમધમતા થયા છે. પીએસઆઈ અને લોકરક્ષક દળની હજ્જારોની ભરતીને પગલે રાજયમાંથી યુવક-યુવતિઓ નોકરીની તૈયારી માટે પાટનગરમાં ધામા નાંખ્યા છે. ત્યારે કલાસીસ સંચાલકો પરિક્ષાની તૈયારી માટે હજ્જારો રૂપીયા ફી પેટે વસુલે છે. પરંતુ શારીરીક કસોટી માટે મેદાન ન હોવાથી પાટનગરમાં કલાસીસ સંચાલકોએ પોતાના ઉમેદવારો માટે ભાડે જમીન રાખીને દોડવા માટે ઉમેદવારોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. ત્યારે મેદાન તૈયાર કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

આ મેદાનમાં ભરતીની તૈયારી કરતા ઉમેદવારો શારીરીક કસોટી માટે પસીનો વહાવી રહ્યા છે. શહેરમાં સવાર-સાંજ મેદાનમાં દોડતા ઉમેદવારો નજરે પડે છે. ત્યારે ઉમેદવારોને તૈયારી કરવા માટે સંચાલકો દ્વારા ખાસ નિવૃત જવાનો તેમજ પોલીસમાં નિવૃત થયેલા કર્મચારીઓને પણ ઉમેદવારોની તૈયારી માટે ઉંચુ પગાર ધોરણ આપી રાખવામાં આવ્યા છે. તો કેટલાક કર્મચારીઓ વિના મુલ્યે પણ સેવા આપી ઉમેદવારોને મદદરૂપ બની રહ્યા છે.

શહેરમાં હાલ સેકટર-૧૧ રામકથા મેદાન, અને સેકટર-૧૫ કોલેજ ગ્રાઉન્ડ જ ઉમેદવારો માટે તૈયારી માટે બચ્યા છે. ત્યારે તે ગ્રાઉન્ડમાં તો સવાર-સાંજ મેળા જેવો માહોલ જોવા મળે છે. જેને પગલે ઉમેદવારો પણ શારીરક કસોટીની તૈયારી કયાં કરવી તેની અસમંજસમાં હતા. ત્યારે કલાસીસના સંચાલકો દ્વારા ખાસ મેદાન ભાડે રાખીને ઉમેદવારોને તૈયારી કરાવી તગડી ફી વસુલી રહ્યા છે.

સંચાલકો દ્વારા મેદાન ભાડે રાખવામાં આવ્યા

પીએસઆઈ અને કોન્સ્ટેબલની ભરતીને પગલે હાલના સમયે ગાંધીનગર ઉમેદવારોથી ઉભરાયું છે. રાજયના વિવિધ વિસ્તારમાંથી ઉમેદવારો લેખિત અને શારીરીક કસોટીની તૈયારીઓ માટે ઉમટી પડ્યા છે. ત્યારે શહેરમાં ગ્રાઉન્ડની અછતને પગલે સ્પર્ધાત્મક કલાસીસ ચલાવતા સંચાલકો દ્વારા પોતાના ઉમેદવારોની શારીરીક કસોટી માટે ગ્રાઉન્ડ ભાડે રાખી સવાર-સાંજ ટ્રેનીંગ આપવામાં આવે છે.

કલાસીસ સિવાયના બાકીના ઉમેદવારના શારીરીક કસોટીના ૪૫૦

પોલીસ ભરતીના ગ્રાઉન્ડમાં જે રીતે શારીરીક કસોટી લેવામાં આવે છે. તે પ્રમાણેની શારીરીક કસોટી સંચાલકો દ્વારા તૈયાર કરાયેલા ગ્રાઉન્ડમાં પણ લેવામાં આવે છે. જેમાં પોતાના કલાસીસના ઉમેદવારો માટે કોઈ ફી લેવામાં આવતી નથી. જયારે અન્ય ઉમેદવારો પાસેથી એક દિવસના રૂ.૪૫૦ વસુલવામાં આવે છે. જેમાં ઉમેદવાર નિયત સમયમાં રનીંગ પુરી કરે છે, ત્યારબાદ છાતી, વજન અને ઉંચાઈ પણ માપવામાં આવે છે. ત્યારબાદ કોઈ ખામી જણાય તો ઉમેદવારને જરુરી માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

શહેરના ગ્રાઉન્ડ યુવાનોથી ઉભરાયા

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ કોલેજ, સેકટર-૧૬ સોમનાથ મહાદેવની પાછળ, સેકટર-૧૧, સમર્પણ કોલેજ સહિત ન્યું ગાંધીનગરમાં તૈયાર કરાયેલા ગ્રાઉન્ડમાં સવાર સાંજ હજ્જારો ઉમદવારો પોલીસની પરિક્ષાની શારીરીક કસોટીની તૈયારી કરતા નજરે પડે છે. જેને પગલે શહેરના તમામ મેદાનમાં યુવક-યુવતિઓ પોલીસ ભરતીની તૈયારીઓ માટ પસીનો પાડતા જોવા મળે છે.

માત્ર દોડવા માટે એક માસનું ભાડુ ૨ હજાર

પોલીસ ભરતીની તૈયારી કરતા ઉમેદવારો પોતાના કલાસીસના ના હોય અને માત્ર દોડવા માટે ગ્રાઉન્ડનો ઉપયોગ કરવો હોય તો એક માસના રૂ.૨ ભાડા પેટે લેવામાં આવતા હોવાનું ધ્યાને આવ્યું છે. કારણ કે સંચાલકો દ્વારા પણ ગ્રાઉન્ડ ભાડા પેટે લેવા માટે એડવાન્સ રૂપીયા ચુકવવામાં આવ્યા હોય છે. ત્યારે કેટલાક ઉમેદવારો માત્ર એક માસ દોડની પ્રેકટીસ માટે પણ રૂ.૨ હજાર ભાડા પેટે આપતા અચકાતા નથી.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જુઓ, તમને ભક્તો ગમે તેટલા સ્નેહ કરે તો પણ બદાને ભેગા કરતા નહી... આ વાંચ્યું ? એક રાજકીય પાર્ટીના સ્નેહ મિલનમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સ્નેહ કરવા આવી ગયા અને હોબાળો થયો છે...!!!

તપોવન સર્કલ પાસે દારૂ પીવાની ના પાડતા ચાર શખ્સોએ ગલ્લાવાળાને ધીબી નાંખ્યો

ગાંધીનગર, તા. ૨૫ અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર તપોવન સર્કલ પાસે દારૂ પીવાની ના પાડતા ચાર શખ્સોએ ગલ્લાવાળાને ધીબી નાંખ્યો હતો. શખ્સોએ અપંગ ગલ્લાવાળાને મોંઢાના ભાગે ફેંટો મારી જમણા પગે થાપા ઉપર અને શરીરે ધોકાઓ મારી ગલ્લામાંથી દિવસભરની કમાણી રૂ. ૧૦ હજાર લુંટી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમીયાપુર ગામની સીમ તપોવન સર્કલ પાસે દિલિપકુમાર જુહાજી ઠાકોર (ઉં.વ.૪૯) જય માતાજી પાન-બીડીનો ગલ્લો ચલાવે છે. દિલિપભાઈ જન્મથી જમણા પગે અપંગ છે. વહેલી સવારે ગલ્લો ખોલવામાં આવે છે અને રાત્રીના ૧૧ કલાકે બંધ કરવામાં આવે છે. ગત તા. ૨૩ નવેમ્બરના રોજ રાતના સાડા દસ વાગ્યાના સુમારે દિલિપભાઈ ગલ્લા પર હાજર હતા અને તેઓ ગલ્લાનો સામાન ગોઠવતા હતા, જ્યારે આખા દિવસનો વકરો ગણીને ડબ્બામાં મુકેલો હતો. તે સમયે ત્રણ એક્ટીવા અને એક બાઈક પર પિયુષ અનુરાગ, નિરજ અને અભિનય નામના શખ્સો આવ્યા હતા. ચારેય શખ્સો પોતાના પગ પર ઉભા રહી શકે તેવી સ્થિતિમાં ન હતા. તેઓ ચારેય યુવકો ગલ્લાની બાજુમાં બેસીને પ્લાસ્ટીકના ગ્લાસમાં દારૂની બોટલમાંથી દારૂ ગ્લાસમાં ભરતા હતા. આ દૃશ્ય દિલિપભાઈ જોઈ જતા ગલ્લામાંથી નીચે ઉતરીને કહ્યુ હતુ કે આવા ધંધા અહીં કરશો નહી અને ચારેય જણા બહાર નીકળી જાવ. તેમ કહેતા જ પિયુષ ઉશ્કેરાઈ જઈને દિલિપભાઈના મોઢાના ભાગે ફેંટો મારવા લાગ્યો હતો. જેથી દિલિપભાઈ નીચે પડી ગયા હતા. તે સમયે ગલ્લાની આસપાસ પડેલા લાકડાના ધોકા હાથમાં લઈ ગાળો બોલી મારવા લાગ્યા હતા. દિલિપભાઈએ ઈજા પહોંચતા બુમાબુમ કરતા બાજુમાં ચાની કિટલી ચલાવતો દિલિપભાઈનો કાકાનો દિકરો દોડીને બચાવવા આવતા તેને પણ ધોકા વડે માર માર્યો હતો. જેથી મહેશ સામાન્ય દૂર ઉભો હતો. જ્યારે દિલિપભાઈને મોઢામાંથી લોહી નીકળતુ હતુ. જ્યારે ચારેય શખ્સો દિલિપભાઈના ગલ્લામાં ડબ્બામાં રહેલા રૂ. ૧૦ હજારનું બંડલ પિયુશે લઈ લીધુ હતુ અને અનુરાગના એક્ટીવા પર બેસાડી જતા રહ્યા હતા. તો બીજી તરફ અભિનય અને નીરજ વાહનો લઈ જતા હતા કહેતા ગયા હતા કે હમણા પાછા આવીએ છીએ અને તને જાનથી પતાવી દઈશુ તેમ કહી એક્ટીવા નં. જીજે-૦૧-યુઆર-૨૨૪૬ ત્યાં મુકી અન્ય વાહનો લઈ નાસી ગયા હતા. જ્યારે દિલિપભાઈને ઈજા પહોંચતા ૧૦૮માં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- કેન્દ્રીય આયુષ મંત્રાલયના મંત્રી સર્વાનંદ સોનવાલ આજે બપોરે ૩ વાગે કોલવડાની મોડેલ આયુર્વેદ કોલેજની મુલાકાતે જશે અને ત્યાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.
- ગાંધીનગર જિલ્લા ભાજપ અ.જા. મોરચાના ઉપક્રમે આજે કલોલના નારદીપુર ખાતે "સંવિધાન ગૌરવ યાત્રા"નું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- દલિત અધિકાર સંઘ દ્વારા આજે ૭૨માં સંવિધાન દિવસની ઉજવણી આંબેડકર ભવન, સે. ૧૨ ખાતે કરવામાં આવશે.
- અમુલ ડેરીના મેગા મિલ્ક પાવડર પ્લાન્ટ તેમજ પેકેજીંગ ફિલ્પના નવા પ્લાન્ટનું આગામી ૨૮મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે લોકાર્પણ કરાશે. મધર ડેરી નજીક આ નવા પ્લાન્ટ નિર્માણ કરાયા છે.
- શિયાળાની ઠંડકમાં મોર્નિંગ વોકર્સ દ્વારા વિવિધ જ્યુસ પીવાનું બજાર શહેરમાં અનોખુ આકર્ષણ જમાવી રહ્યુ છે.
- ગાંધીનગર સ્માર્ટસીટી કંપનીની વાર્ષિક સાધારણ સભા ૩૦મીએ મળશે.
- ગાંધીનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં આજે ૫૦ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

આજે મહાનગર ભાજપા દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૫ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા તમામ જિલ્લા તેમજ મહાનગરોમાં આજે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા બપોરે ૩ કલાકે સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે. જેમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, રાજ્ય સરકારના મંત્રી હર્ષ સંઘવી તેમજ પ્રદેશ મહામંત્રી રજની પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજિત સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે. જે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને થશે તથા સમાપન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે થશે. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા પ્રભારી મોહન પટેલ, અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, સંગઠનના હોદ્દેદારો, પ્રદેશ અનુસૂચિ જાતિ મોરચાના મંત્રી અને મહાનગરના પ્રભારી તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

ભોયણ રાઠોડ સ્થિત અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસમાં હોસ્પિટલ ન હોવાથી વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ અભ્યાસનો મહાવરો મળતો નથી. છેલ્લા ઘણા સમયથી આ કોલેજ કેમ્પસમાં હોસ્પિટલ બનાવવા માંગ કરવામાં આવી છે. આ બાબતે આમ આદમી પાર્ટીએ જુના સચિવાલય સ્થિત આરોગ્ય કમિશનરશ્રીની કચેરી ખાતે આવેદન પત્ર આપ્યુ હતુ અને રજૂઆત કરી હતી.

જે.બી. પ્રાથમિક શાળા દ્વારા દિવાળી કાર્ડ સ્પર્ધા યોજાઈ

જે.બી. પ્રાથમિક શાળામાં દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે ૨૩ નવેમ્બરના રોજ દિવાળી કાર્ડ બનાવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૯૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સુશોભનની સામગ્રીનો ઉપયોગ કરીને ક્રિએટીવ અને સુંદર કાર્ડ બનાવ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજીવન કેદની સજા ભોગવી રહેલ પેરોલ જમ્પ કેદીને એલસીબી-૨ એ પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૫ ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકના વર્ષ-૨૦૦૩માં ખૂનના ગુનામાં અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવી રહેલા પાકા કામના પેરોલ જમ્પ રમેશભાઈ જીજાભાઈ રાવલને એલસીબી-૨ પોલીસે સાબરકાંઠાના મહાદેવપુરાથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા ગાંધીનગર જિલ્લામાં પ્રોહિ. જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અને પેરોલ/ફર્લો રજા પરથી જમ્પ થયેલા ફરાર કેદીઓને પકડી પાડી પરિણામલક્ષી કામગીરી કરવાની સૂચના આપી હતી.

જે અન્વયે એલસીબી-૨ પીઆઈ જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી. જાડેજા અને પી.ડી. વાઘેલા તેમજ સ્ટાફના કર્મચારીઓને આ દિશામાં કામગીરી કરવા પ્રયત્નશીલ હતા. તે સમયે હેકો. મેગીન્દરસિંહને બાતમી મળી હતી કે માણસા ખાતે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા પાકા કામનો કેદી રમેશ રાવળ (પુંધરા) અમદાવાદ જેલમાંથી પેરોલ રજા પર છુટ્યો હતો.

પરંતુ મુદત પુરી થયા બાદ પણ અંદર જેલ ખાતે હાજર થયો નથી આ કેદી પેરોલ જમ્પ થયેલ છે. અને હાલ તે મહાદેવપુરા (સાબરકાંઠા) હાજર છે. જેથી એલસીબી-૨ પોલીસે તેને પકડી પાડી કચેરી લાવી પુછતાછ કરતા મહાદેવપુરા છુપાઈને રહેતો હતો. પોલીસે કેદીને અમદાવાદ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી.

ચિલોડા ખાતે ફરતું દસ ગામદીઠ પશુ દવાખાના દ્વારા ફ્રી સર્વિસ

ચિલોડા, તા. ૨૫ ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ દ્વારા ચિલોડા ગામે ચિલોડા ગ્રામ પંચાયત કચેરી પાસેના પોઈન્ટ પર ફરતુ દસ ગામદીઠ પશુ દવાખાનું અબોલ પશુઓને ફ્રી સર્વિસ જી.વી.કે. તથા ઈ.એમ.આર.આઈ.ના સંયુક્ત ઉપક્રમે ચિલોડામાં દર મંગળવાર અને શુક્રવારે પશુ ચિકિત્સક પશુધનને નિઃશુલ્ક સારવાર આપી રહ્યા છે. આ ફ્રી સર્વિસનો કોલ નં. ૧૯૬૨ પર એનિમલ ઈમરજન્સીથી સેવા ઉપલબ્ધ છે.

સિવિલમાંથી સીએનજી રીક્ષા ચોરાઈ

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાંથી સમયાંતરે વાહનચોરીના બનાવો બને છે. ત્યારે સેક્ટર-૧૨ સિવિલ કેમ્પસ વાહન ચોરો માટે ફેવરીટ સ્થળ બની ગયું છે. શહેરના રહેણાંક વિસ્તાર ઉપરાંત ભીડભાડવાળી જગ્યા પરથી ગણતરીની મિનિટોમાં ચોર શખ્સો ચોરી કરી સિફતપૂર્વક નીકળી જતા હોય છે. ત્યારે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી સીએનજી રીક્ષાની ચોરી થવા પામી છે.

માણસાના લોદરા ગામના પોપટભાઈ ગોકળભાઈ રાવળ પોતાની રીક્ષા જીજે-૧૮-એએક્સ-૩૯૬૫ લઈને સિવિલ ખાતે કામ અર્થે આવ્યા હતા. રીક્ષા સિવિલમાં પાર્ક કરીને તેઓ કામ અર્થે સિવિલમાં ગયા હતા. ગણતરીના કલાકોમાં તેઓ પરત ફર્યા બાદ આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર પોતાની રીક્ષા ન હતી. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા રીક્ષા નહી મળી આવતા સેક્ટર-૭ પોલીસમથકે રીક્ષા ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.

ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
નોટીસ નંબર-૧૩ / ૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), રજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં.-૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં.૮, ગાંધીનગર દ્વારા 'અટલ ભુજલ યોજના (અટલ જલ) અંતર્ગત ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા અને કચ્છ જીલ્લાઓ જીલ્લા માટે જીલ્લા દીઠ એક રથ નમુનારૂપ પોસ્ટ બેનર સાથે ફેરવવા સહિતની કામગીરી માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrde.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકશે.

- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૨૨/૧૧/૨૦૨૧
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૩/૧૨/૨૦૨૧. ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફ.ડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમય : ૪/૧૨/૨૦૨૧ થી તા. ૯/૧૨/૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : ૧૦/૧૨/૨૦૨૧, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય : ૧૦/૧૨/૨૦૧, ૧૬.૦૦ કલાકે

ટેન્ડર ફી રૂપિયા- ૧,૦૬૨/- ડી.ડી. સ્વરૂપે તથા ઈએમડી રૂપિયા ૧૮,૧૦૦/- (ડી.ડી. અથવા એફ.ડીઆર) "Executive Engineer (C), Unit-2 (S.S) Gandhinagar" ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને 'ઓનલાઈન' ટેન્ડરમાં મુકવી. વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.guj.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૧૫૮૧/૨૧-૨૨

જાહેર નિવિદા નં. ૫ (કો-સેલ) સને-૨૦૨૧ (ત્રીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર, બ્લોક નં. ૯, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૩૪૮૬ દ્વારા ઓટોકેડ ડ્રોઈંગની સોફ્ટ કોપી પરથી પ્રિન્ટ કાઢવા માટેની કામ કરતા એક વર્ષના સદર કામનો અનુભવ (સ્થાનિક બજારમાં કામ કરતાં) GST/પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી વાર્ષિક ધોરણે ભાવપત્રક મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો રૂ. ૧૦૦/- રોકડા ટેન્ડર ફી ભર્યેથી અને એજન્સીના જરૂરી દસ્તાવેજો (નગરપાલિકા નોંધણી પ્રમાણપત્ર) રજૂ કર્યેથી તા. ૮/૧૨/૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રક તા. ૧૦/૧૨/૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૩/૧૨/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાકે (શક્ય હશે તો) હાજર રહેલ ઈસમોની હાજરીમાં ખોલવામાં આવશે. ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે રૂ. ૧૦૦૦/-ની એફ.ડી.આર. એક વર્ષની મુદતની અવશ્ય બીડવાની રહેશે, અન્યથા એફ.ડી.આર. વિનાનું ભાવપત્રક રદ ગણાશે. એક અથવા બધા ભાવપત્રકો રદ કરવા કે સ્વીકારવા તે અંગેનો હક ખાતાને અબાધિત રહેશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર (વ),
મધ્યસ્થ આલેખ તંત્ર, ગાંધીનગર

માહિતી/૧૫૮૨/૨૧-૨૨